અપીલ અરજી નં.૩૨૬ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી જરીઉદ્યોગને ભારત સરકારે ગૃહઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોય તેમ છતાં સુરત શહેરના કોટ વિસ્તારમાં હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમ મુજબ રેસીડેન્શીયલ ઝોનમાં મળવાપાત્ર વિકાસ પરવાનગી ના ઉપયોગ અંગેની માહિતીના યુઝ ઝોન ટેબલ–૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈપણ નાગરીક પાવર (વિજળી) થી ચાલતી મશીનરી નાખી કારખાના ચાલુ કરી શકે હા યા ના માં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૬/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી જરીઉદ્યોગને ભારત સરકારે ગૃહઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોય તેમ છતાં સુરત શહેરના કોટ વિસ્તારમાં હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમ મુજબ રેસીડેન્શીયલ ઝોનમાં મળવાપાત્ર વિકાસ પરવાનગી ના ઉપયોગ અંગેની માહિતીના યુઝ ઝોન ટેબલ–૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈપણ નાગરીક પાવર (વિજળી) થી ચાલતી મશીનરી નાખી કારખાના ચાલુ કરી શકે હા યા ના માં માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૨૦૪ તા.૫–૧૨–૦૯ તથા પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૨૯૯ તા.૨૨–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૧૪૪ તા.૧૨–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૪ તા.૨૧–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સી. ઝેડ/આરટીઆઈ /આ.નં. ૧૨૯૯ તા.૨૨–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની વિષયમાં નિર્દિષ્ટ અરજી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૦૪ તા.૫–૧૨–૦૯ થી "હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમના યુઝ ઝોન ટેબલના ૧ મુજબ રેસીડેન્સીયલ ઝોનમાં દર્શાવ્યા મુજબના હેતુ માટે વિકાસ પરવાગી આપવાની કાર્યવાહી કરી શકાય. વિકાસ નિયંત્રણ નિયમ યુઝ ઝોન ટેબલની નકલ સૌ પ્રથમ રૂા.૨/– ભરપાઈ કરીને મેળવી લેવા જણાવેલ. જેના સંદર્ભે અરજદાર ધ્વારા રસીદ નં.૧૧૩૫૨૨ તા.૧૧–૧૨–૦૯ થી રૂા. ૨/– જમાં કરાવેલ હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૨–૧૨–૦૯ ના પત્રથી માહિતીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ. જે બાબતે (૧)માંગેલ માહિતીનો જે જવાબ આપવામાં આવેલ છે તે સંતોષકારક અને સાચો નથી. (૨) માહિતી માંગેલ યુઝ ટેબલઝોન–૧,૨, કે ૩ મુજબ કોઈ પણ નાગરીક પાવરથી ચાલતી મશીનરી નાંખી કારખાના ચાલુ કરી શકે હા કે ના માં માહિતી માંગેલ પરંતુ તેની જગ્યા પર જાહેર માહિતી અધિકારી તરફથી યુઝ ટેબઈની કોપી આપવામાં આવેલ છે. કારખાના ચાલુ કરી શકે કે નહીં જેની કોઈ જ વિગત આપવામાં ન આવી શા માટે. (૩) જાહેર માહિતી અધિકારી તરફથી જે પુરાવા આપવામાં આવેલ છે યુઝ ટેબલ–૧,૨,૩ માં તો બતાવવામાં આવેલ છે કે રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરીક પાવરથી ચાલતી મશીનરી નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી ચોખ્ખી માહિતી માંગેલ તેમાં હા કે ના લખીને શા માટે ન આપ્યું. (૪) માહિતી અધિકારી તરફથી યુઝ ટેબલ–૧,૨,૩ ની કોપી ફાળવવામાં આવેલ છે તે મુજબ જરી ગૃહ ઉદ્યોગની વ્યાખ્યામાં આવતું હોય તો પણ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરીક મશીનરી ન નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી માહિતી શા માટે હા કે ના ન આપી? તેવી રજૂઆત સહ અરજદારે અપીલ કરેલ છે. આમ અરજદારે આપેલી માહિતીના કાયદાકીય પ્રોવિઝનની જોગવાઈઓ મુદ્દા નં.૨ થી ૪ માં આધાર તરીકે રજૂ કરેલ છે અને તેની સામે તેના અર્થઘટન સહ જાહેર માહિતી અધિકારીના અભિપ્રાયનો આગ્રહ રાખેલ છે. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત જણાતો નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસ ેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ એમ. પટેલ